C:\data\OLD BACKUP\1st May\2013\Letters.doc

સત્યમેવ જયતે

**તાત્કાલિક / ફેકસ ધ્વારા**

ક્રમાંક: ગદ( -૧૦૨૦૧૩-૨૯-ઘ,
સામાન્ય વ( ીવટ વિભાગ,
સચિવાલય, ાંધીનગર.
તારીખ: ૨૬/૦૩/૨૦૧૩

પ્રતિ
અગ્ર સચિવશ્રી,
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય:- ગુજરાત રાજય સ્થાપના દિન ૧લી મે, ૨૦૧૩, ાવસારી ખાતેની ઉજવણી બાબત**

શ્રીમાન,

ગુજરાત રાજય સ્થાપના દિન, ૧લી મે, ૨૦૧૩ની રાજયકક્ષાની ઉજવણી નવસારી ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તેના સંદર્ભમાં ઉજવણીના અ યોજનની ચર્ચા વિચારણા કરવા સારૂ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૩/૦૩/૨૦૧૩ના રોજ ૧૧.૩૦ કલાકે, કલેકટરશ્રીની કચેરી, નવસારીના સભાખંડમાં એક બેઠકનું આયોજન કરવામાં ાાવેલ હતું. આ બેઠકમાં ચર્ચા-વિચારણા થયા મુજબ નીચે મુજબના મુદ્દાઓ સચિવશ્રીઓની આગામી તા.૦૩/૦૪/૨૦૧૩ની બેઠકમાં વિચારણામાં લેવાના હોઇ, તે પરત્વે આગોતરૂં આયોજન હાથ ધરવા વિચારણા કરવા વિનંતી છે.

૧) કૃષિ પ્રદર્શનમાં એગ્રો પ્રોસેસીંગ બાબતને મહત્વ આપીને નવસારી ખાતે એગ્રો પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરવા બાબત.

૨) નવસારી અને વલસાડ જિલ્લામાં કેરીનો પુષ્કળ પાક થત ી હોઇ, ભારતભરની કેરીઓની વિવિધ જાતોનું પ્રદર્શન રાખવા બાબત.

૩) આગામી વર્ષ એગ્રોટેક- વાયબ્રન્ટ વર્ષ ઉજવવા રાજય ારકારે નિર્ણય કરેલ હોઇ, તેની તૈયારીના ભાગરૂપે ગુજરાત સ્થાપના દિન, ૧લી મે, ૨૦૧૩ થી નવસારી ખાતે ઉકત સમીટના સંદર્ભમાં શું આયોજન કરી શકાય તે બાબતે વિચ રણા કરવા તથા દર વર્ષે યોજાતા કૃષિ મેળા સંદર્ભે વિચારણા કરવા અને ત્યારબાદ સમગ્ર ગુજરાતને આવરી લઇ વાર્ષિક આયોજનના ભાગરૂપે એગ્રોટેક વાયબ્રન્ટ ગુજરાત સમીટ, ૨૦૧૪ના સંદર્ભમાં કેવા પ્રકારના આયોજનો હાથ ધરી શકાય તે બાબત.

આપનો વિશ્વાસુ,

(કે.શ્રીનિવાસ)
સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ જાણ સારૂ રવાના:-
કલેકટરશ્રી, નવસારી.

R
નં.૩ પાછળના 'x' મુજબ તાત્કાલિક અમલ કરવા સરક્યુલર કરવો.
૨૮/૩

આ circular Net પર મુકેલ
૨-૩-૪
૨૮/૩

P. S. AGRI. No. 929 ૨૮/૩/૧૩

નાયબ સચિવ વિભાગ ન.કૃ.ઉ., નવસારી
જા.નં. ૨૯૫૬
તા. 28 MAR 2013
... ૩ શાખા

C:\data\OLD BACKUP\1st May\2013\Letters.doc

सत्यमेव जयते

<u>તાત્કાલિક / ફેક્સ ધ્વારા</u>

ક્રમાંકઃ ગદઉ-૧૦૨૦૧૩-૨૯-ઘ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬ ૦૩/૨૦૧૩

પ્રતિ
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,
સચિવાલયના સર્વે વિભાગ,
સચિવાલય, <u>ગાંધીનગર.</u>

વિષયઃ- <u>ગુજરાત રાજ્ય સ્થાપના દિન ૧લી મે, ૨૦૧૩, નવસારી ખાતેની ઉજવણી બાબત.</u>

શ્રીમાન,

ગુજરાત રાજ્ય સ્થાપના દિન, ૧લી મે, ૨૦૧૩ની રાજ્ય કક્ષાની ઉજવણી નવસારી ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તેના સંદર્ભમાં ઉજવણીના આયોજનની ચર્ચા વિચારણા કરવા સારૂ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૩/૦૩/૨૦૧૩ના રોજ ૧૧.૩૦ કલાકે, કલેકટરશ્રીની કચેરી, નવસારીના સભાખંડમાં એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં ચર્ચા થયા મુજબ તથા અધ્યક્ષ સ્થાનેથી થયેલ સુચન મુજબ નીચે જણાવેલ મુદ્દાઓ સચિવશ્રીઓની આગામી તા.૦૩/૦૪/૨૦૧૩ની બેઠકમાં પણ વિચારણામાં લેવાના હોઈ, તે ત્વરિત આગોતરૂ આયોજન હાથ ધરવાની વિચારણા કરવા વિનંતી છે.

૧) નવસારી જિલ્લાની નગરપાલિકાઓ અને ગામડાઓના વિકાસ માટે ચાલુ યોજનાકીય બાબત માટેના ફંડનો ઉપયોગ કરી જિલ્લાના વિકાસ માટે મદદરૂપ બની શકાય તે અંગેની જરૂરી વિગતો.

૨) ૧લી મે, ૨૦૧૩, ગુજરાત રાજ્ય સ્થાપના દિનની રાજ્ય કક્ષાની નવસારી ખાતેની ઉજવણી દરમ્યાન ૧લી મે, ૨૦૧૩ના રોજ પરેડમાર્ચ સાથે રજૂ થનારા ટેબ્લોઝ માટે રાજ્યના વિકાસની ઝાંખી કરાવતા કાર્યક્રમોને પ્રાધાન્ય આપી તે મુજબના ટેબ્લોઝ તૈયાર થઈ શકે તે તથા ટેબ્લોઝની થીમ બાબતે વિચારણા કરી શકાય.

૩) <u>સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે કચેરીઓમાંથી ડેડસ્ટોકનો સામાન, જુના વાહનો વિગેરેનો તાત્કાલિક નિકાલ થાય તે સંદર્ભે દરેક વિભાગ એક ઝુંબેશ હાથ ધરે અને જરૂરી કાર્યવાહી કરવામાં</u> આવે તથા વિભાગો અને કચેરીઓમાં સીટીઝન ચાર્ટર (નાગરિક અધિકારપત્ર)ને લગતા સુચનો, લાંચ રૂશ્વતના સંદર્ભમાં જે સુચનાઓ તૈયાર કરીને મુકવામાં આવે છે તેનું નવીનીકરણ કે નવેસરથી ફ્રેશ પેઈન્ટીંગ કરાવી તૈયાર કરવામાં આવે તે અંગેની કાર્યવાહી હાથ ધરવી.

X'

આપનો વિશ્વાસુ,

( કે.શ્રીનિવાસ )
સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

<u>નકલ જાણ સારૂ રવાનાઃ-</u>
કલેકટરશ્રી, <u>નવસારી.</u>

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૪/ ૪૦૪૯–૯૮/૨૦૧૩
નવસારી, તા.૨૮/૦૩/૨૦૧૩

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.